सत्यमेव जयते

Received on 14-06-2023
Registered on 14-06-2023
Decided on/- 02-05-2026
Duration-

<u>વર્ષ–૦૨ માસ–૧૦ દિવસ–૧૮</u>

<u>મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>
<u>મુ. જંબુસર</u>

<u>ફોજદારી કેસ નં. ૧૧૮૩/૨૦૨૩</u>
આંક– ૪૯

સ્મીતાબેન તે નારણભાઈ પરમારની વિધવા,

ઉ. વ. ૩૩, ધંધો – ઘરકામ,

મુળ રહે. પાંચકડા, તા. જંબુસર, જિ. ભરૂચ.

હાલ રહે. વણછરા તા. પાદરા, જિ. વડોદરા ......**ફરીયાદી**

વિરૂધ્ધ

વિક્રમભાઈ બાઘરભાઈ પરમાર,

રહે. પાંચકડા, તા. જંબુસર, જિ. ભરૂચ. ...... **આરોપી**

બાબત:– <u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા ૧૪૨ મુજબની ફરીયાદ</u>

::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી એમ.એન.મલેટે
આરોપી તરફે : વિ.વ.શ્રી ડબલ્યુ. એસ. સૈયદ

::

::– ચુ કા દો –::

(૧) ફરીયાદીની ફરીયાદ હકિકત ટૂંકમાં એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં મથાળે જણાવેલ સરનામે પોતાનાં સંતાનો સહિત પોતાનાં પિતાનાં ઘરે રહી એકલવાયુ જીવન ગુજારે છે. આરોપી ફરીયાદીનાં જેઠ થાય છે અને નોકરી સાથે છુટક કામકાજ કરે છે ફરીયાદીનાં લગ્ન આરોપીનાં નાના ભાઈ નારણભાઈ બાઘરભાઈ પરમાર સાથે થયેલા, તેવા લગ્ન થકી કુલ–ર સંતાનોને જન્મ આપેલો, ફરીયાદીનાં પતિ નારણભાઈ એસીયન્ટ પેઈન્ટસ, અંકલેશ્વર મુકામે નોકરી કરતા હતા, જયાં તેમનું ચાલુ ફરજ દરમ્યાન બી.પી. વધી જવાથી ફરજનાં સ્થળે જ ગુજરી ગયેલ હતા. આમ, ગુજરનાર નારણભાઈ અને આરોપી સગા ભાઈ થાય છે તેમજ ફરીયાદીનાં જેઠ થતા હોય તે નાતે ફરીયાદી અને આરોપી વચ્ચે પારીવારીક સંબંઘ ઘરાવે છે. ફરીયાદીનાં પતિ નારણભાઈ ગુજરી જતા એશીયન પેઈન્ટ કંપની તરફથી તેમનાં મૃત્યુ બાદ ફરીયાદી તથા ફરીયાદીનાં બે સંતાનોને મળવાપાત્ર મૃત્યુ સહાય પેટેનાં ગ્રેજયુઈટી તથા પ્રોવીડંડ ફંડનાં નાણાં આપવામાં આવેલા તેવા નાણાં ફરીયાદીનાં પતિએ તેમની હયાતી દરમ્યાન તેમનાં પત્ની યાને ફરીયાદીને ૫૦% તથા બન્ને સંતાનોને ર૫% + ર૫% નાં નોમીની તરીકે નીમેલા હોય, તે હેસીયતથી કંપની તરફથી આપવામાં આવેલ છે, જે નાણાં કંપની દવારા સગીર બાળકોનાં બેંક ખાતામાં સીઘા જમાં કરાવેલ, જયારે ફરીયાદીનાં હિસ્સાની રકમ ચેક દવારા આપવામાં આવેલ. સદર નાણાંની આરોપી સારી રીતે વ્યવસ્થા કરી આપશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો ફરીયાદીને આપતા ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી ફરીયાદીનાં ૫૦% નાણાં અંગેની બેંક પાસબુક તેમજ એ.ટી.એમ. કાર્ડ તથા ફરીયાદીનાં બાળકોનાં ૫૦% નાણાં કે જે એશીયન પેઈન્ટ કંપની તરફથી એચ.ડી.એફ.સી. બેંક, ભરૂચ શાખામાં સેવીંગ ખાતામાં મુકવામાં આવેલ હતા તેની પાસબુક પણ આરોપીને સોંપેલ, ત્યારે આરોપીએ જણાવેલ કે, ''હું નાણાંની યોગ્ય વ્યવસ્થા કરી આપીશ'' આરોપી ફરીયાદીનાં પતિનાં મોટા

ભાઈ હોય તે ઉપર વિશ્વાસ રાખવા છતા આરોપીએ ફરીયાદીનાં એ.ટી.એમ. કાર્ડનો દુરઉપોગ કરી થોડા થોડા કરી રૂા. ૮,૦૦,૦૦૦/– જેવી રકમ ઉપાડી લીધેલ તેવી જ રીતે ફરીયાદીનાં બાળકોનાં ખાતાનાં નાણાં આરોપીએ ટુકડે–ટુકડે ઉપાડી લીધેલ, જેથી ફરીયાદીએ આરોપી વિરૂઘ્ધ જંબુસર પો.સ્ટે.માં ફરીયાદ આપતા તેવી ફરીયાદના કામે આરોપીએ ફરીયાદી સાથે સમાધાન કરતા તેવા સમાધાન વ્યવહાર પેટે અન્ય ચેક પૈકી રૂા. ૧,૫૦,૦૦૦/– નો એક ચેક નં. ૮૫૩૪૭૫ વાળો પોસ્ટ ઓફિસ, જંબુસર શાખાનો સેવીંગ ખાતાનો ખાતા નં.૦૧૦૦૦૬૭૪૩૬૭૦ વાળા ચેકમાં નામ તથા સહી કરી આપેલ અને જણાવેલ કે, સદર ચેકનાં નાણાં તારીખનાં દિવસે તમોએ તમારા ખાતામાં નાંખી નાણાં ઉપાડી લેવા, જેથી ફરીયાદીએ તેવો ચેક પ્રથમ વખત પોતાની એચ.ડી.એફ.સી. બેંક, ઝાડેશ્વર શાખામાં નાંખતા તે ચેક તા.૧૩/૦૩/૨૩ નાં રોજ ચેકમાં ખાતા નંબર તથા તારીખ ભુલથી લખેલ ન હોવાનાં કારણસર પરત ફરેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપીનો સંપર્ક કરી તેવો ચેક સમયમર્યાદામાં એચ.ડી.એફ.સી. બેંક, જંબુસર શાખામાં તા.૩૧/૦૩/૨૩ નાં રોજ ફરીથી નાંખતા તે ચેક તા. ૦૩/૦૪/૨૩ નાં રોજ ચેકમાં જણાવેલ રકમ આરોપીનાં ખાતામાં ન હોય જેથી ''ફંડસ ઈનસફીશીયન્ટ'' નાં શેરા સહિત વણવટાવ્યો પરત ફરેલ અને તે બાબતે એચ.ડી.એચ.સી. બેંકે તા. ૦૩/૦૪/૨૩ નાં રોજનો ચેક રીર્ટન મેમો પણ ફરીયાદીને આપેલ. આમ ચેક રીટર્ન થતા ફરીયાદીએ આરોપીનો ટેલીફોનીક તેમજ રૂબરૂ સંપર્ક કરતા આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, હાલ મારી પાસ નાણાં નથી, તેમજ હું તમારા કોઈ જ નાણાં પરત આપવાનો નથી, તમારાથી થાય તે કરી લેજો. આમ, ઉકત હકિકતે આરોપીએ ફરીયાદીનાં કાયદેસરનાં નાણાં પોતાનાં અંગત વપરાશમાં લઈ ગેરવલ્લે કરી દીધેલા હોય, જે બાબતે પોલીસ ફરીયાદ થતા તમો આરોપીએ કબુલાત યાને સમાધાનનાં વ્યવહાર પેટે ફરીયાદીને લખી આપેલ કુલ ચેકો પૈકીનો એક ચેક રૂા. ૧,૫૦,૦૦૦/– નો આપેલ હોય જે વણવટાવ્યો પરત

ફરેલ હોય જે બાબતે આરોપીએ ધાકધમકી આપેલ હોય, જેથી કરી આરોપીએ ફરીયાદીને ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ નો ભંગ કરેલ હોય ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ છે. આમ ચેક રીટર્ન થયા બાદ આરોપીએ તદ્દન ઉડાઉ અને બેજવાબદારીપૂર્વક જવાબ આપેલ હોય, તેમજ રકમ ચુકવવાની કોઈ તૈયાર બતાવેલી ન હોય, જેથી આરોપીની તેવી વાત ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ફરીયાદી સાથે છેતરપીંડી અને ઠગાઈ કરવાનાં બદઈરાદે ફરીયાદીને સમાધાન કરારનાં વ્યવહાર પેટેનો ચેક આપી ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કાયદાની જોગવાઈનો ભંગ કરી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોય, જેથી ફરીયાદીએ પોતાનાં વકિલશ્રી મારફતે તા. ૦૧/૦૫/૨૩ નાં રોજ રજી.પો.એડી.થી ડિમાન્ડ નોટીસ આરોપીને મોકલાવેલ, સદર નોટીસ આરોપીને બજી ગયેલ છે. આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતા આજદિન સુધી ફરીયાદીનાં કાયદેસરનાં નાણાંની રકમ ચુકવી આપેલ નથી તેમજ નોટીસની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ ઉડાઉ જવાબ આપેલ હોય આમ કરી આરોપીએ ફરીયાદીને પોતાની કાયદેસરની લેણી રકમ પેટે ચેક આપી તેની રકમની વ્યવસ્થા ખાતામા કરેલ નહી અને ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮નો ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય, જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ છે. સબબ, આરોપીએ નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ નો ભંગ કરેલ હોય આરોપીને પકડી મંગાવી ગુનાના ભંગ બદલ કામ ચલાવી તકશીરવાન ઠરાવી અને ફરીયાદીને પરત આવેલ ચેકની રકમ રૂા. ૧,૫૦,૦૦૦/– થી બમણી રકમ વળતર પેટે આરોપી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ–૧૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં

આંક–૦૮ થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(૩) હાલના કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–: ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવા :–

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ તરીકે ફરીયાદી સ્મીતાબેન તે નારણભાઈ પરમારની વિધવાનાઓનું પુરાવાનું સોગંદનામું	૦૪

–: ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	વિગત	આંક
૧	આરોપીએ આપેલ ચેક અસલ નં. ૮૫૩૪૭૫	૧૪
૨	ચેક રીટર્ન મેમો	૧૫
૩	આરોપીને મોકલેલ નોટીસની સ્થળપ્રત	૧૬
૪	નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટ ખાતાની પાવતીની ખરી નકલ	૧૭
૫	આરોપીને નોટીસ બજી ગયા અંગેની અસલ એકનોલેજમેન્ટ	૧૮
૬	આરોપીએ ફરીયાદીને કરી આપેલ સમાધાન કરારની ઝેરોક્ષ ખરી નકલ	૧૯
૭	આરોપીએ આપેલ પોસ્ટ બેંકના ચેક નં.૮૫૩૪૭૧, ૮૫૩૪૭૨, ૮૫૩૪૭૩ ની ફોટો કોપી	૪૦
૮	આંક–૪૧ વાળા ચેકની ફોટી બાબતે વસંત સ્ટુડીયો દ્વારા આપવામાં આવેલ ભારતીય પુરાવા અધિનિયમની નકલ–૬૫(બી) નવા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩ મુજબનું અસલ પ્રમાણપત્ર	૪૧

હાલનાં કામે દસ્તાવેજોને આંકે પડાવવા માટે ફરીયાદપક્ષે **આંક–૦૫** થી અરજી આપતાં આ કામે અત્રેની કોર્ટ દ્વારા **આંક–૧૪ થી આંક–૧૯** અને **આંક–૪૦** અને **આંક–૪૧** આપવામાં આવેલ. ફરીયાદીનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદીએ **આંક–૨૩** આ કામે કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૪) હાલના કામે આરોપીપક્ષે પોતાના બચાવમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

–: આરોપીઓ તરફે રજુ મૌખિક પુરાવા :–

ક્રમ	વિગત	આંક
૧	આરોપીપક્ષ તરફે સાહેદ નં. ૧ તરીકે આરોપી વિક્રમભાઈ બાધરભાઈ પરમારનાઓનું સરતપાસનું સોગંદનામું	૨૮
૨	આરોપીપક્ષ તરફે સાહેદ નં. ૨ તરીકે સ્નેહલબેન વિક્રમભાઈ પરમારનાઓનું સરતપાસનું સોગંદનામ	૩૨
૩	આરોપીપક્ષ તરફે સાહેદ નં. ૧ તરીક ખુમનસંગ ધુળાભાઈ પઢીયારનાઓનું સરતપાસનું સોગંદનામ	૩૬

–: આરોપી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	વિગત	આંક
૧	મે.જંબુસર કોર્ટમાં પરચુ.સિવિલ અ.નં.૬/૨૦૨૧ ની આંક–૧ ની નકલ	૩૧
૨	ફરીયાદી તથા આરોપી વચ્ચે થયેલ સમાધાન કરાર નોટરી રજી.નં.૪૦૯/૨૦૨૨ ની એટેસ્ટેડ નકલ	૩૭
૩	મે.જંબુસર કોર્ટમાં પરચુ.સિવિલ અ.નં.૬/૨૦૨૧ ની આંક–૧ ની વિડ્રો પુરશીસ તેના પરનો હુકમ	૪૫
૪	મે.જંબુસર કોર્ટમાં રે. અ.નં.૧૩૩/૨૦૨૨ ની આંક–૧ ની નકલ	૪૬
૫	આરોપીના પિતાએ ફરીયાદીના પતિની સારવાર માટે કરેલ ખર્ચનું ચલણ	૪૭
૬	પેઢીનામું	૪૮

આરોપીનો પુરાવો રજુ થયા બાદ આરોપીએ **આંક–૪૨** આ કામે કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૫) ત્યારબાદ આ કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ ફરીયાદપક્ષની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને આરોપી

તરફે પોતે સોગંદ ઉપર પુરાવો આપવાનો જવાબ હકારમાં આપેલ છે અને બચાવનાં સાહેદો તપાસવાનો જવાબ હકારમાં આપેલ છે. વધુમાં જણાવેલ છે કે, ''તેઓ નિર્દોષ છે. ફરીયાદી ખોટી હકીકતે ખોટી રકમ મેળવવા ફરીયાદ કરેલ છે સદર તેમના મોટા ભાઈ ગુજરી જતા તેમના વારસ/હકદારને સુપ્રત કરેલ રકમનો ભાગ પાડવો ના પડે તેમજ પૈસા ઉપર દાનત બગડતા ખોટી રીતે ચેક ભરી રીટર્ન કરેલ છે અને ખોટી ફરીયાદ કરેલ છે.''

(૬) ત્યારબાદ આ કામ પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવતા ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી એમ.એન.મલેટેએ **આંક–૨૬** થી લેખિત દલીલ તથા વધારાની લેખિત દલીલ **આંક–૪૩** થી રજુ રાખેલ છે, જે વંચાણે લીધી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ડબલ્યુ.એસ.સૈયદની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદીની ફરીયાદ હકિકત તથા તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદપક્ષે કરવામાં આવેલી દલીલો ધ્યાને લેતાં સદર ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દા ::–

મુદ્દા નં. ૧ :– શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તે ફરીયાદીના જેઠ થાય છે અને તેઓએ ફરીયાદીના પતિના મૃત્યુ બાદ પ્રોવિડંડ ફંડ અને ગ્રેજયુઈટીના પૈસા તે ફરીયાદીના ૫૦% નાણા અંગેની બેંક પાસબુક તેમજ એ.ટી.એમ કાર્ડ તથા તેમના બાળકોના ૫૦ % નાણાં કે જે એશીયન પેઈન્ટ કંપની તરફ એચ.ડી.એફ.સી. બેંક ભરૂચ શાખામાં સેવીંગ ખાતામાં મુકવામાં આવેલ હતા, આરોપી ફરીયાદીના પતિના મોટા ભાઈ હોય તેઓ ઉપર વિશ્વાસ રાખવા છતાં આરોપીએ ફરીયાદના એ.ટી.એમ કાર્ડનો દુરઉપયોગ કરી થોડા થોડા કરી રૂા.૮,૦૦,૦૦૦/– જેવી રકમ ઉપાડી લીધેલ અને તે રીતે તેમના

બાળકોના ખાતાના નાણાં પણ ટુકડે ટુકડે ઉપાડી લીધેલ છે, જેથી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ જંબુસર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેવી ફરીયાદના કામે આરોપીએ ફરીયાદી સાથે સમાધાન કરતા તેવા સમાધાન વ્યવ્હાર પેટે આરોપીએ હાલનો આંક–૧૪ વાળો રૂા. ૧,૫૦,૦૦૦/– પુરાનો તકરારી ચેક મુદતે પાસ થઈ જવાનાં વિશ્વાસે આપેલો, જે મુજબ ફરીયાદીએ પોતાની બેંકમાં સદર ચેક કલીયરન્સ માટે નાંખતા તે ચેક ''FUND INSUFFICIENT'' નાં શેરા સહીત આંક–૧૫ વાળા રીટર્ન મેમાથી વગર સ્વીકારાયે પરત ફરેલ, જેથી ફરીયાદીએ આંક–૧૬ વાળી લીગલ નોટીસ રજી.એડી.થી આરોપીને મોકલતા તે નોટીસ પોસ્ટની એકનોલેજમેન્ટ આંક–૧૮ મુજબ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ ચેક મુજબની રકમ ફરીયાદીને ન ચુકવી આપી આરોપીએ ધી નેગોશીયબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં. ૨ :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : હકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ

(૯) ઉપરના નિર્ણયો સુધી પહોંચવાનાં મારા કારણો નીચે મુજબ છે.

ફરીયાદપક્ષ તરફેનો મૌખિક પુરાવો:–

આ કામે પડેલાં પુરાવાઓની ચર્ચા કરીએ તો, આ કામે સૌપ્રથમ ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ તરીકે આ કામના ફરીયાદી સ્મીતાબેન તે નારણભાઈ પરમારની વિધવા જાતે હાજર રહી **આંક–૦૪** થી પોતાની સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરતી ફરીયાદની હકીકત જણાવેલ હોય જેથી તેનું પુનરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

સદર ફરીયાદીની ઉલટતપાસ આરોપીનાં વિ.વ.શ્રી ડબલ્યુ. એસ. સૈયદ દવારા કરવામાં આવેલ છે. જેમાં ફરીયાદી જણાવે છે કે, તેમના લગ્ન નારણભાઇ સાથે તા.૦૮/૦૫/૨૦૦૮ ના રોજ થયેલા. તેમને તેમના લગ્નથી બે સંતાનો થયેલ છે. જેઓના નામ વૈભવકુમાર અને આરવસિંહ છે. નારણભાઇ એશીયન પેઇન્ટ કંપની અંકલેશ્વર ખાતે નોકરી કરતા હતા. તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, તેમના પતિ નારણભાઇ તા.૦૫/૧૦/૨૦૨૦ ના રોજ કંપનીમાં ગુજરી ગયેલા, આરોપી વિક્રમભાઇના પત્નિ સ્નેહલબેન તેમના સગા બેન થાય, તેમના બેન સ્નેહલબેન સાથે તેમની કોઇ તકરાર નથી, તેમના પતિ ગુજરી ગયા ત્યારે તેઓ સંયકત પરિવારમાં રહેતા હતા, તે વખતે આરોપી તથા તેમના માતા પિતા સાથે કોઇ તકરાર ન હતી, તેમના પતિ ગુજરી જતા તેઓની ગ્રેજયુએટી તેમજ તેઓના બાળકોનો હકકમાં આવતુ આપવા માટે આરોપીએ બાંહેધરી આપેલી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે આરોપીના માતા પિતાએ કોઇ બાંહેધરી આપેલી નહી. તેમના કહેવા મુજબ આરોપીના માતા પિતા સાથે તેમને કોઇ બાંહેધરી આપવા લેવાનો પ્રસંગ બનેલ નથી. તેઓએ એ વાત કબુલ કરે છે કે, તેમના સાસુ સસરા મુળ ગરીબ પરિવારના છે. તેઓને એ વાતની ખબર નથી કે, તેમના સાસુ સસરાએ તેમના પતિ નારણભાઇને ભણાવી ગણાવી આઇ.ટી.આઇ કરાવેલી, આ આઇ.ટી.આઇ કર્યા પછી તેમના પતિ અંકલેશ્વર નોકરીએ લાગેલા, તેમના લગ્ન તા.૦૮/૦૫/૨૦૦૮ માં થયેલા. તેમના લગ્ન બાદ બે પુત્રો થતા નોમીનીમા તેમનું અને તેમના બે પુત્રોનુ નામ દાખલ કરેલુ. વધુમાં તેમણે એ વાત કબુલ કરેલ છે કે, નોમીની ફોમમાં પચાસ ટકા તેમના તથા પચ્ચીસ પચ્ચીસ ટકા બે બાળકોના બતાવેલા છે, તેમના પતિના ગુજરી ગયા બાદ ત્રીસ લાખ જેટલી રકમ મળવા પાત્ર હતી, આ રકમ ઉપાડવાની કાર્યવાહી કરવા સારૂ તેમના જેઠને તેમણે તેમની સંમતી આપેલી. સવાલઃ બાકીના નવ લાખ રૂપીયા તમારી સહી થી તમે ત્હોમતદારના ખાતામાં સંમતિથી ટ્રાન્સફર કરેલા? જેવા સવાલ પુછતા ફરીયાદીએ જણાવેલ છે કે, ત્હોમદાર તેમને ખોટી રજુઆત કરી સાત થી આઠ ચેકો પર તેમની સહી કરાવી ગયેલા અને તેમણે ટુકડે ટુકડે ચૌદ થી પંદર લાખ જેટલી રકમ ચેકથી ઉપાડી લીધેલી. તેઓ ત્હોમતદારે ટુકડે ટુકડે કરીને ચૌદથી પંદર લાખ રૂપીયા લઇ ગયેલા તે બાબતનો પુરાવો આ કામે રજુ કરવા ખુશ છે. તમણે ધોરણ ૧૨ પાસ કરેલ છે. તેમણે

તેમની બેન્કની પાસબુક, એ.ટી.એમ.વિગેરે હાલ તેમની પાસે રાખે છે પહેલા ત્હોમતદાર પાસે રહેતી હતી. વધુમાં તેમણે એ વાત કબુલ કરેલ છે કે, તેમના એ.ટી.એમ અને મોબાઈલ પાસવર્ડ તેમના પતિની હયાતી વખતે તેમના પતિ અને તેમના સિવાય અન્ય કોઈ જાણતુ ન હતુ, રૂા. નવ લાખ આજે પણ આરોપી વિક્રમભાઈના ખાતામા છે, બીજા રૂા. બે લાખ ચેકથી તેમના ખાતામાં જમા થયેલા છે, તેમના પતિના મરણબાદ તમામ વિધી માં સમાજના લોકો જમણવાર વિગેરેનો ખર્ચો કરવામાં આવેલો. સાહેદ સ્વેછાએ જણાવે છે કે તેમના ખાતામાંથી રૂ.આઠ એક લાખ ઉપાડી તમામ ખર્ચો કરેલો અને એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ગ્રાહક સુરક્ષાની કાર્યવાહીમાં જે ખર્ચો થયેલો તે આરોપીએ કરેલો અને સાહેદ સ્વેછાએ જણાવે છે કે તે ખર્ચો પણ તેમણે કરેલો. તેમણે આ કામે કોઈ વારસા અરજી કરેલ નથી. વધુમાં તેમણે એ વાત કબુલ કરેલ છે કે, તેઓની સોસાયટીમાં રૂ છ હજાર ત્હોમદારે મેઈન્ટેન્સના ભરેલા. તેઓને એ વાતની ખબર નથી કે તેમના ઘરના બે હપ્તા આરોપીએ ભરેલા કે કેમ, તે બે હપ્તાની રકમ રૂ.પચાસ હજાર જેટલી થતી હતી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, જે કંઈ બાબરી વિગેરેનો ખર્ચ થયેલ તે રૂ.ત્રણ લાખનો થયેલો. જયારે સાહેદ સ્વેછાએ જણાવે છે કે અંદાજે બે લાખ જેટલો ખર્ચ થયેલો. વધુમાં તેમણે એ વાત કબુલ કરેલ છે કે, આ ત્રીસ લાખ રૂપીયા રીસીવ કર્યા અંગેની હકીકતની જાણ તેમના સસરાને ન હતી. એ વાતની તેમને ખબર નથી આ ત્રીસ લાખ રૂપીયામાથી તેમનો હીસ્સો લેવા તેમના સસરાએ રે.મુ.નં. ૧૩૩/૨૦૨૨ થી દાવો કરેલો, પ્રતિવાદી નં.૧ તરીકે તે દાવાના કામે તેઓ હાજર થયેલા. વધુમાં તેમણે એ વાત કબુલ કરેલ છે કે, તેમણે કોઈ પોલિસ ફરિયાદ આપેલ નથી. તેઓને એ વાતની ખબર નથી કે તા.૨૫/૫/૨૦૨૨ ના રોજના બનાવ અંગે વિક્રમભાઈએ તેમના વિરુધ્ધ તા.૨૬/૫/૨૦૨૨ ના રોજ કાવી.પો.સ્ટે ફરિયાદ આપેલી કે કેમ, એ વાત ની તેમને ખબર નથી હાલની ફરિયાદ દાખલ કરતા આરોપી સાથે છેલ્લે તેમને કયારે મળવાનુ થયેલુ. વધુમાં તેમણે એ વાત કબુલ કરેલ છે કે, તેમના અને ત્હોમતદાર વચ્ચે કોઈ લખાણ કરવાનો પ્રસંગ બનેલ નથી, આ પૈસા ઉપાડવાની કાર્યવાહી દરમીયાન ત્હોમતદારનો સહી વાળો ચેક તેમની પાસે હતો.એ વાતની તેમને ખબર નથી કે તેઓને જે કંઈ પણ નાણાની લેવડ દેવડની જવાબદારી તેઓના ગામના સરપંચ વિરસંગભાઈએ સ્વીકારેલી. તેમને એ હકીકત યાદ નથી કે જાન્યુઆરી ૨૦૨૨ પછી આરોપીએ તેમને કોઈ ચેક આપેલ

કે કેમ. વધુમાં તેમણે એ વાત કબુલ કરેલ છે કે, આરોપીએ આપેલ ચેક બેન્કમાં નાંખતા પહેલા તેમણે આરોપીને કોઇ નોટીશ આપેલ નથી, બેન્કમાં ચેક પ્રથમ વખત નાંખેલ હોય અને તેનો કોઈ રીટન મેમો આ કામે તેમણે રજુ કરેલ નથી, રૂ.એક લાખ પચાસ હજાર રૂપીયા તેમનું કાયદેસરનુ લેણુ હોય તે બતાવતો કોઇ આધાર પુરાવો તેમણે આ કામે રજુ રાખેલ નથી.

આરોપીપક્ષ તરફેનો મૌખિક પુરાવો:-

(૧૦) આ કામે આરોપી વિક્રમભાઇ બાધરભાઇ પરમાર આંક-૨૮ થી તેમની સોંગદ ઉપર સરતપાસમાં જણાવે છે કે, આ કામના ફરીયાદી સાથે ફરીયાદ મુજબનો વ્યવહાર થયેલ નથી છતા ફરિયાદીએ ચેકમાં તારીખની કોલમમાં તેઓના નામ તથા વિગતો ભરી, ખોટી હકીકતે ખોટી ફરીયાદ કરેલી છે, સદર કામના ફરિયાદી આરોપીના મોટા ભાઈના પત્ની થાય છે અને તેમના ભાઈ તા:-૦૫/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરી ગયેલ છે તેમના ગુજરી જતાં તેના અંતિમ વિધિ અને સમાજ મુજબની રસમો તેઓએ કરેલી અને તેમના ભાઈ નોકરી દરમિયાન ગુજરી ગયેલ તેમના ગ્રેજયુટી અને ફંડના પૈસા ઉપાડવા તેઓએ મદદ કરેલી અને જ્યાં જ્યાં સહી અંગૂઠાની જરૂર પડે ત્યાં તેઓએ અને તેમના માતા-પિતાએ મદદ કરી સહકાર આપેલો ફરિયાદીએ પ્રોબેટ મેળવવા જંબુસરના નામદાર કોર્ટમાં સિવિલ પરચુરણ અરજી નંબર- ૦૬/૨૦૨૧ થી વારસા અરજી કરેલ જે તેઓએ વિડ્રો કરી લીધેલ, તેમના ભાઈના મરણ બાદ તેમની રકમ કુલ રૂા.૩૦,૦૦,૦૦૦/- અંકે ત્રીસ લાખ રૂપિયા મળેલ અને તે ફરિયાદીના ખાતામાં જમા થયેલા, ફરિયાદીના પતિ ગુજરી જતાં જે સારવાર કરાવેલ તે સારવારના બિલો પણ મેળવેલ છે, સારવાર ખર્ચ અને સામાજીક રીત રસમનો અને સોસાયટીના ખર્ચ, વિગેરે તમામ ખર્ચ થયેલ અને ગ્રાહક સુરક્ષામાં કેશ કરેલ તેનો ખર્ચ બાદ કરતાં અને હીસાબ કરતો સુંદર રકમમાં માતા પિતાનો પણ હક્ક હોય તે મુજબ વહેચણ કરી ફરીયાદીના ૨ સંતાનોના નામે રૂા.૧,૫૦,૦૦૦/- અંકે એક લાખ પચાસ હજાર રૂપિયા ફીક્સ કરાવેલ અને માતા-પિતાને હીસ્સો આપવાનો હોય, માતા-પિતાના હિસ્સાની રકમ રૂા.૧૨,૦૦,૦૦૦/- અંકે બાર લાખ રૂપિયા આપવાના થતાં હોય જે ફરિયાદીએ આપવા બાહેધરી આપેલ છતાં આપેલ નથી માટે તેમના માતા-પિતાએ બાધરભાઈ જેસંગ પરમાર અને બજુબેન

બાધરભાઈ પરમારનાઓએ નામદાર જંબુસર કોર્ટમાં રે.મુ.નંબર– ૧૩૩/૨૦૨૨ થી દાવો કરેલ જે હાલ પેન્ડિંગ છે, ઉપરોક્ત હકીકતે પૈસા ઉપાડવાની કાર્યવાહી દરમિયાન આરોપીનો ચેક હાલનો તકરારી ચેક સહી કરેલી હાલતમાં ફરીયાદી પાસે હતો અને તેમના સગા ભાભી થતાં હોય તેમણે ચેક પરત માંગેલ નથી વિશ્વાશું વ્યવહારના કારણે ચેક પરત લેવા કોઈ કાર્યવાહી કરેલ નથી, છતાં ફરીયાદીએ રકમ ભરી તેનું નામ ભરી, ખોટી રીતે ચેક રીટર્ન કરાવેલ છે અને તેમાં ખોટી રકમ ભરી, રીટર્ન કરાવેલ છે અને વકીલશ્રીને ખોટી અને અધુરી માહીતી આપી, ખોટી હકીકતે વકીલશ્રી મારફતે ખોટી નોટીસ આપેલી છે, આરોપીએ ફરીયાદીને કોઈ રકમ આપવાની થતી નથી કે ફરીયાદીના નોટીસમાં જણાવ્યા અનુસાર કોઈ વ્યવહાર થયેલ નથી ફરીયાદીએ ભરેલી રકમ રૂા.૧,૫૦,૦૦૦/– નો આરોપીએ ફરીયાદીને કોઈ ચેક આપેલ નથી કે ફરીયાદીએ જાતે તેમાં ખોટી રીતે ખોટી રકમ ભરી લખી ચેક રીટર્ન કરી ખોટી હકીકતે નોટીસ આપેલ અને ચેકનો દુરૂઉપયોગ કરી, ફરીયાદીના નામે ભરી, ખોટી હકીકતોના આધારે કાયદાનો લાભ લેવા પ્રયત્ન કરી તદ્દન ખોટી નોટીસ ફરીયાદીએ આરોપીને મોકલેલ હોય જે બદઆશયથી બદઈરાદે નોટિસ આપેલ છે. તેઓએ નામદાર કોર્ટમાં આંક–૩૦ થી હિસાબ રજુ કરેલ છે. મહેરબાન જંબુસરના કોર્ટમાં આંક–૩૧ થી પ.સી.અ.નં–૦૬/૨૦૨૧ ના કામની આંક–૧ ની નકલ રજૂ છે તેમજ આંક–૪૫ થી મહેરબાન જંબુસરના કોર્ટમાં પ.સી.અ.નં–૦૬/૨૦૨૧ ના કામની વિડ્રો પુરસિસ રજૂ છે, તેમજ આંક–૪૬ થી મહેરબાન જંબુસરના કોર્ટમાં રે.મુ.નં– ૧૩૩/૨૦૨૨ ના કામની આંક–૧ ની નકલ રજૂ છે તેમજ, ટી.આંક–૪૭ થી ગુજરનારના સારવારના બિલો રજુ છે, તેમજ ટી.આંક–૪૮ થી પેઢીનામું રજુ છે. આ કામના ફરીયાદીએ જાણી જોઈને ઈરાદાપૂર્વક ખોટી હકીકતે ફરીયાદ આપેલ છે તેઓએ ચેક વટાવવા આપેલ નથી કે ફરિયાદીને ચેક આપેલો નથી માટે આરોપીનું કાયદેસર દેવું નથી કે ફરિયાદીનું કાયદેસરનું લેણું નથી છતા તેઓએ ફસાવવા પૈસા પડાવવા ખોટી ફરીયાદ આપેલ છે, ફરીયાદીએ નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલ છે તે બદલ દંડ કરવા અને અમોને માનસિક ત્રાસ આપેલ તે બદલ વળતર, ખર્ચ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામે આરોપી વિક્રમભાઈ બાધરભાઈ પરમારની ઉલટતપાસ ફરીયાદીના વિ.વ.શ્રી એન.એમ.મલેટે દ્વારા કરવામાં આવી છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેમને લખતા વાંચતા આવડે છે, તેમણે તેમની સોગંદ પરની

સરતપાસ જે રજુ કરેલી તે વાંચેલી છે. તેમના પત્ની ફરીયાદીના મોટા બેન થાય. તેઓ કુલ ચાર ભાઈ બહેન છે. ફરીયાદીના પતિ નારણભાઈ તેમનાથી નાનાભાઈ થાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમના નાનાભાઇના પત્ની આ કામના ફરીયાદી છે. વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, તેઓ તેમના માતાપિતા સાથે રહે છે,આ કામે તેઓએ રજુ કરેલ આંક–૩૧ જે સિવિલ પરચુરણ અરજી હોઇ તેમાં તેઓ પક્ષકાર તરીકે સામેલ નથી, ફરિયાદીના પતિ નારણભાઈ એશિયન પેઇન્ટ કંપનીમાં નોકરી કરતા હતા અને તેઓ પેકીંગ વિભાગમાં નોકરીની ફરજ નિભાવતા હતા તેવુ તેમને ખબર છે. વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, તેઓ એશિયન પેઇન્ટ કંપનીમાં કાયમી કર્મચારી હતા, કાયમી કર્મચારી હોઈ તો તેનો તમામ મેડીકલ સારવારનો ખર્ચો કંપની ભોગવતી હોય છે, ફરીયાદીના પતિને કંપનીમાં બી.પી. વધી જવાથી સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરેલા જેનો તમામ ખર્ચ કંપની ધ્વારા ચૂકવવામાં આવેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બીલો મુક્યા બાદ કંપનીએ ચુકવેલ. તેમના ભાઈ તા. ૦૫/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરી ગયા હતા. તેમના નાનાભાઈ ગુજરી જતા કંપની તરફથી મ્રુત્યુ સહાય ગ્રેજ્યુઇટી તથા પ્રોવિડન્ડ ફંડના રૂ. ૩૦ લાખ મળેલા. વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, આ તમામ રકમ તેમના નાનાભાઈની પત્ની તથા તેમના બાળકોના ખાતામાં જમા થયેલા, સામાન્ય રીતે પતિ ગુજરી જાય તો સ્ત્રી પોતાના ઘરેથી કેટલોક સમય સુધી બહાર ન નીકળી શકે, સંબંધની દ્રષ્ટીએ ફરિયાદી સ્મિતાબેનના તેઓ જેઠ પણ થાય છે અને જીજાજી પણ થાય છી, સંબંધની દ્રષ્ટીએ ફરિયાદીને તેમના ઉપર તથા તેમની પત્ની ઉપર ખુબ ભરોસો હતો, ફરિયાદીના પતિના અવસાન બાદ જે રકમ મળેલી તેમાંથી બાળકોના હિસ્સાની રકમની વ્યવસ્થા કરવાની જવાબદારી તેમને આપેલી, બાળકોના હિસ્સાની રૂ. ૯ લાખની રકમ આજે પણ પોસ્ટ ખાતામાં તેમના નામે જમા છે. તેઓએ એ હકિકતનો ઇન્કાર કરેલ છે કે, આ સિવાયના બીજા આઠ થી નવ લાખ રૂપીયા મે ઉપાડીને મારા અંગત ખર્ચ માટે વાપરેલ છે. વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, આ બાબતે તેમને તથા ફરિયાદી બેન વચ્ચે તકરાર થતા જંબુસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ થયેલી અને તેમાં સમાધાન પણ થયેલુ, તેવા સમાધાનના કામે તેમની અને ફરીયાદી વચ્ચે તે વાતનો લેખીત સમાધાન કરાર થયેલો, તેમને આંક– ૧૯ નો સમાધાન કરાર બતાવવામાં આવે છે તે જોઇને જણાવે છે કે તે તે જ કરાર છે, કરારમાં

તેમના તથા ફરિયાદીના ફોટા અને સહી અંગુઠા છે, તેમને આંક –૧૪ વાળો ચેક બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે, તેમની અને ફરિયાદી વચ્ચે સમાધાન થતા તેમણે ફરિયાદવાળો ચેક લખી આપેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમને તેમની પત્ની સાથે બેઠક થતા તેમની પત્નીએ તેમને જણાવેલ કે ચેકની રકમ ફરીયાદીને તેમણે ચુકવી આપેલી જેથી ચેકનુ શુ થયુ તેવુ તેમની પત્નીએ તેઓને પૂછેલુ અને તેમની પત્નીએ તેમને જણાવેલ કે ફરીયાદી ચેક બેંકમાં જમા કરાવશે નહી. વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, આંક– ૧૬ વાળી નોટીસ જોઇને તેમણે જણાવેલ છે કે તેમને ફરીયાદીએ તે નોટીસ મોકલેલી, તેમને આંક– ૧૮ થી રજુ એકનોલેજમેન્ટ સ્લીપ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તેમાં જે સહી છે તે સહી તેમના પિતાની છે, તેમની પાસે તેમના પોસ્ટ ખાતામાં બાળકોની રૂ . ૯ લાખ જેટલી રકમ જમા છે તે રકમ બાળકોની ઉંમર ૧૮ વર્ષની થયેથી તેઓ બાળકોને તે રકમ પરત આપી દેવા ખુશી છે, ફરીયાદીએ આંક– ૧૬ વાળી જે નોટીસ તેમને આપેલ જેનો કોઈ જવાબ તેઓએ ફરીયાદીને આપેલ નથી.

(૧૧) આ કામે આરોપીપક્ષે સાહેદ સ્નેહલબેન વિક્રમભાઈ બાધર આંક–૩૨ થી પોતાની સોંગદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, આ કામના ફરીયાદી તેમના સગા બહેન થાય છે અને તેમના દેરાણી પણ થાય છે, આરોપી તેમના પતિ થાય છે, તેમના દીયર તા:–૦૫/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરી ગયેલ છે તેમના ગુજરી જતાં તેના અંતિમ વિધિ અને સમાજ મુજબની રસમો તેમના સાસરી પક્ષનાઓએ કરેલી અને તેમના દીયર નોકરી દરમિયાન ગુજરી ગયેલ તેમના ગ્રેજયુટી અને ફંડના પૈસા ઉપાડવા તેમણે તથા તેમના સાસરી પક્ષનાઓએ મદદ કરેલી અને જ્યાં જ્યાં સહી અંગૂઠાની જરૂર પડે ત્યાં તેઓએ મદદ કરી સહકાર આપેલી, તેમના દીયરના મરણ બાદ કુલ રૂા.૩૦,૦૦,૦૦૦/–અંકે ત્રીસ લાખ રૂપિયા આવેલ, આ પૈસા ઉપાડવાની કાર્યવાહી દરમિયાન આરોપીનો ચેક હાલનો તકરારી ચેક સહી કરેલી હાલતમાં ફરીયાદી પાસે હતો અને તેઓએ ઘર ખાનગી સદર આવેલ ૩ હીસ્સામાં વહેચેલ, અને પૈસાનો હીસાબ કરતાં જે કઈ પણ બાકી પડતી રકમ હતી તે ફરીયાદીને તેમની હાજરીમાં આપી દીધેલ પરંતુ સગીર સંતાનોના પૈસા પડાવવા ખોટી હકીકતે ફરીયાદ કરેલ છે.

આ કામે સાહેદ સ્નેહલબેન વિક્રમભાઈ બાધર ની ઉલટતપાસ ફરીયાદીના વિ.વ.શ્રી એન.એમ.મલેટે ધ્વારા કરવામાં આવી છે જેમાં તેઓએ કબુલ કરેલ છે કે, આ કામના ફરિયાદી સ્મીતાબેન તેમના નાના બેન થાય છે, પરિવારમાં તેઓ તેમના પતિ બાળકો તથા તેમના સાસુ સસરા ભેગા રહે છે, તેઓ તારીખના દિવસે તેમના પતિ સાથે કોર્ટમાં આવેલ છે. નારણભાઇ બાધરભાઇ તેમના દિયર થાય છે. તેમના દિયર એશીચ્રન પેઇન્ટ કંપનીમાં નોકરી કરતા હતા. વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, તેમના દિયર એશીયન પેઇન્ટ કંપનીમાં કાયમી કર્મચારી હતા. તેઓને એ વાત ખબર નથી કે તેમના દિયર નો હોસ્પીટલનો તમામ ખર્ચ એશીયન પેઇન્ટ કંપનીએ ઉઠાવેલો. નારણભાઇના ગુજરી એશીયન પેઇન્ટ કંપની દ્વારા રૂ.૩૦ લાખ વળતર તરિકે ચુકવવામાં આવેલા.વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, આ ૩૦ લાખની રકમ નારણભાઇના પત્નિ એટલે કે તેમના બેન સ્મીતાબેન તથા તેમના બે બાળકોના ખાતામાં સીધા જમા થયેલા.તેઓને એ વાતની ખબર નથી કે, આ ૩૦ લાખની રકમ પૈકી બાળકોના હિસ્સાની રકમ તેમના પતિએ પોસ્ટમાં તેઓના નામ પર જમા કરાવેલી.વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, આ પૈસાની રકમ બાબતે કાવી પો.સ્ટેમાં તેમના પતિ સામે ફરિયાદી સ્મીતાબેને ફરિયાદ દાખલ કરાવેલી. તેઓને એ વાતની ખબર નથી કે, તે ફરિયાદમાં તેમના પતિ સાથે સમાધાન થયેલુ. તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, ૩૦ લાખ જેટલી મોટી રકમ સ્મિતાબેન તથા બાળકોના નામે જમા થયેલ હોય જે તેમના સાસુ સસરા તથા તેમના પતિને તે ગમેલ નહી. તેઓને એ વાતની ખબર નથી કે, આ ૩૦ લાખ પૈકી ૯ લાખ રૂપીયા આજે પણ તેમના પતિના નામે પોસ્ટ માં જમા છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓના ઘરે ખાનગી સમાધાન થયેલ અને ત્રણ હિસ્સા વહેચેલ. તેઓને એ વાતની ખબર નથી કે, આવુ સમાધાન લેખીત થયેલ હોય કે કેમ.

(૧૨) આ કામે આરોપીપક્ષે સાહેદ ખુમાનસંગ ધુળાભાઇ પઢીયાર આંક–૩૬ થી પોતાની સોંગદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૦૯ થી નોટરીનુ લાયસન્સ ધરાવે છે, તેમણે નોટરીના કામકાજમાં તમામ પ્રકારના કરાર તેમજ સોગંદનામા કરવામાં આવે છે, જયારે પક્ષકારો તેમની પાસે આવે ત્યારે તમામ પક્ષકારોને આવેલા છે તે જ છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવે છે,

પક્ષકારો પણ જે કંઈ પણ લખાણલઈને આવે છે કે લખાવે તે લખી, વાંચી સંભળાવી નોટરીના ચોપડામાં તેની નોંધણી કરી, પક્ષકારોની સહીઓ કરી, અને સાક્ષીઓની પણ સહીઓ કરી ત્યાર બાદ તેઓના સહી સિકકા કરવામાં આવે છે, બે પક્ષકારો હોય તો એકને અસલ દસ્તાવેજ આપવામાં આવે છે અને બીજાને એટેસ્ટેડ કોપી આપવામાં આવે છે, નોટરી કરતા પહેલા જો તેમાં નાની ભુલ હોય તો તેમાં પક્ષકારોના કહ્યા મુજબ સુધારો કરી તેમાં તેઓની ઈનીસીયલ સહી કરી સિક્કો મારવામાં આવે છે, આ સ્મીતાબેન અને વિક્રમભાઇ તેમના ત્યા તા.૫/૩/૨૦૨૨ ના રોજ બંન્ને પક્ષકારોના સમાધાન કરાર લઇને આવેલા, જે તેઓએ સીરીયલ નં. ૪૦૯ ઉપર તેની નોંધણી કરી બંન્ને પક્ષકારોને અને પક્ષકારોના બે બે સાક્ષીઓની સહીઓ કરવામાં આવેલી, તેમને આંક–૩૭ થી રજુ કરારની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે જોઇને કહે છે કે, તેમાં બંન્ને પક્ષકારના નામ, વિગત તેમજ બંન્ને પક્ષકારોની પાને પાને સહી તેમજ બે બે સાક્ષીઓની સહીઓ તેમની રૂબરૂની છે, જે ઝેરોક્ષના પાના નં. ૩ પર તેમનો અસલ સિકકો અને સહી છે, તેમની પાસે જે નોટરી થયેલ તેની આ એટેસ્ટેડ કોપી છે, કરારની ઝેરોક્ષના પાના નં.૧ ના પેરા નં.૧ અને ૨ માં પિતાનુ નામ લખાવામાં ભુલ થયેલ છે જે તેમની રૂબરૂ બંન્ને પક્ષકારોની સમંતી તેમજ સહીથી પિતાનુ નામ સુધારી તેમાં તેમની સહી તેમજ સિક્કો મારેલ છે. પાના નં.૨ માં કોઇ સુધારો કરેલ નથી. પાના નં.૩ માં પણ તેમની રૂબરૂ કોઇ સુધારો કરવામાં આવેલ નથી. સામાન્ય રીતે દસ્તાવેજ નોટરી થયા બાદ લખી લેનાર અસલ રાખે છે અને લખી આપનાર તેની એટેસ્ટેડ નકલ રાખતા હોય છે.

આ કામે સાહેદ ખુમાનસંગ ધુળાભાઇ પઢીયારની ઉલટતપાસ ફરીયાદીના વિ.વ.શ્રી એન.એમ.મલેટે ધ્વારા કરવામાં આવી છે તેમાં તેઓએ જણાવેલ છે કે, પક્ષકારો તેમની પાસે જયારે આવેલા ત્યારે કરારનુ લખાણ તૈયાર કરીને લાવેલા.વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, સામાન્ય રીતે દસ્તાવેજ નોટરી થઇ ગયા બાદ કોઇ ટાઇપીંગ ભુલ ધ્યાન પર આવે તો તે ભુલમાં જરૂરી સુધારો કરી તેના પર ટુકી સહી તથા સિક્કો કરવામાં આવે છે. આંક–૩૭ વાળા કરારમાં લખી આપનારે જે કોઇ ચેક આપેલા તેના નામમાં કોઇ ભુલ થઇ હોય તે હકીકત હાલ તેમના ધ્યાનમાં નથી, તેમને આંક–૪૦ થી કલર ઝેરોક્ષવાળુ ત્રણ ચેકોનુ કાગળ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે, તે ચેકોમાં નામમાં કોઇ ભુલ થયેલ હોય તેવુ નોટરી કરતી વખતે તેમના ધ્યાન પર આવેલ કે કેમ તે

તેમને યાદ નથી, આંક–૪૦ થી રજુ થયેલ દસ્તાવેજમાં જે ત્રણ ચેકના નંબર ૮૫૩૪૭૧, ૮૫૩૪૭૨, ૮૫૩૪૭૩ છે તથા તે ચેકોમાં લખી આપનાર તરીકેની સહી વી.બી.પરમાર નાઓની છે તથા તે ત્રણે ચેકો સ્મીતાબેન નારાયણભાઇ પરમારના નામના છે. તેમને આંક–૩૭ નો તેમની રૂબરૂ નોધાયેલ કરાર બતાવવામાં આવે છે જેના પાના નં.૨ પર પેરા ૨ અને પેરા ૩ માં ચેક નંબર ૮૫૩૪૭૧ તેમજ ૮૫૩૪૭૨ દર્શાવેલ છે, તેમને આંક–૧૯ નો કરાર બતાવવામાં આવે છે જે જોઇને કહે છે કે તે કરાર તેમણે જ નોંધણી કરેલ છે, તેમને આંક–૧૯ નો કરાર બતાવવામાં આવે છે જે જોઇને કહે છે કે તે કરારનો નોંધણી નંબર ૪૦૯ છે તેના પાના નં.૨ ના પેરા ૨ અને ૩ માં ચેક નંબર ૮૫૩૪૭૪ અને ૮૫૩૪૭૫ દર્શાવેલ છે. વધુમાં તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, આ બંન્ને ચેક નંબરોમાં છેલ્લા આંકડાઓમાં ભુલ થયેલ હોવાથી તે સુધારી નોટરીનો સહી તેમજ સિકકો કરેલ, આંક–૩૭ નો જે દસ્તાવેજ રજૂ થયેલ છે તેના પાના નં.૨ પર સુધારો કરતા અગાઉની કોપી નામ.કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૧૩) હવે આ કામે પડેલાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પહેલાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(ક) તથા કલમ–૧૩૯ ના પ્રબંધો ઘ્યાને લેવાં જરૂરી જણાય છે જે પ્રબંધો નીચે મુજબ છે.

કલમ–૧૧૮. વટાઉખત વિશે માની લેવાની બાબત:

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામા આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:

વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

મુદ્દા નં. ૧ ની ચર્ચા

(૧૪) હવે આ કામે પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો ફરીયાદીનો કેસ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે. જેથી ફરીયાદપક્ષના શીરે પોતાનો કેસ સાબીત કરવાની જવાબદારી રહેલી છે. પરંતુ સાથે સાથે સદર કાયદામાં ફરીયાદપક્ષના તરફે કેટલાંક અનુમાનો કરવામાં આવેલ છે. જે અનુમાનોમાં ઉપર જણાવ્યા મુજબ કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ ના અનુમાનો મુખ્યત્વે છે. સદર કાયદા મુજબના અનુમાનોનો ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે. એ સ્વીકૃત બાબત છે કે સદર કાયદામાં જણાવેલ અનુમાનોનું ખંડન કરવા માટે એ જરૂરી નથી કે આરોપીએ પોતાના બચાવ અંગેનો પુરાવો આપવા કોર્ટમાં હાજર થઈ સાક્ષી બોકસમાં ઉભા રહી પુરાવો રજુ કરવો પડે. આ કાયદાકીય અનુમાનોનું ખંડન ફરીયાદપક્ષના રજુ થયેલાં પુરાવાઓ ઉપરથી પણ આરોપી કરી શકે છે.

હાલના કામે પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે ફરીયાદીએ **આંક–૦૪** થી સાહેદ નં.૧ તરીકે સ્મીતાબેન તે નારાયણભાઈ પરમારની વિધવાનાએ પોતાની સોગંદ પરની સરતપાસ રજુ કરેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થન કરતાં દસ્તાવેજી પુરાવાઓ આ કામે **આંક–૧૪ થી આંક–૧૯** તેમજ **આંક–૪૦, ૪૧** સુધીના રજુ કરેલા છે. ફરીયાદીએ પોતાના પુરાવાઓમાં **આંક–૧૪** આરોપીએ આપેલ તકરારી ચેક, **આંક–૧૫** થી તકરારી

ચેકનો રીટર્ન મેમો આ કામે રજુ કરેલ છે. આ કામે **આંક–૧૫** થી રજુ ચેક રીટર્ન મેમો ધ્યાને લેતાં તેમાં ચેક નં. ૮૫૩૪૭૫, રકમ રૂા.૧,૫૦,૦૦૦/– રીટર્ન થવાનુ કારણ ''FUND INSUFFICIENT'' હોવાનુ તથા રીટર્ન થયાની તા.૦૩/૦૪/૨૦૨૩ જણાય છે. સદર **આંક–૧૪** થી રજુ તકરારી ચેક **આંક–૧૫** વાળા રીટર્ન મેમાથી ''FUND INSUFFICIENT'' નાં કારણે ચેક પરત ફરતા ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફત આરોપીને રજી.એ.ડી થી **આંક–૧૬** વાળી લીગલ નોટીસ મોકલાવેલ જે નોટીસ આરોપીને બજી ગયા અંગેનો પોસ્ટની એકનોલેજમેન્ટ **આંક–૧૮** થી રજુ કરેલ છે. આમ, આરોપીને નોટીસની જાણ થવા છતા નોટીસની મુદતમાં ચેકની રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ ન હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ છે.

આ કામે ફરીયાદીની ઉપર મુજબની ફરીયાદ હકીકત અંગે બચાવપક્ષે વિગતવારની ઉ.ત. કરેલ છે. જે ઉ.ત.માં કોઈ મહત્વનો બચાવ રજુ થયેલ હોય તેવુ જણાતુ નથી. બચાવપક્ષે સૌ પ્રથમ પોતાનો તકરારી ચેક ફરીયાદીના કબજામાં કેવી રીતે આવેલ તેની સ્પષ્ટતા કરવાની રહે છે. બચાવપક્ષે તે સ્પષ્ટતામાં તકરારી ચેક કોઈ કાયદેસરની જવાબદારી પેટેનો ન હોવાનુ પણ સાબિત કરવાનુ રહે છે. આ કામે આરોપીએ એવો બચાવ લીધેલ છે કે, ખરી હકીકતે પૈસા ઉપાડવાની કાર્યવાહી દરમિયાન આરોપીનો ચેક હાલનો તકરારી ચેક સહી કરેલી હાલતમાં ફરીયાદી પાસે હતો અને તેમના સગા ભાભી થતાં હોય તેમણે ચેક પરત માંગેલ નથી, વિશ્વાશું વ્યવહારના કારણે ચેક પરત લેવા કોઈ કાર્યવાહી કરેલ નથી, છતાં ફરીયાદીએ રકમ ભરી તેનું નામ ભરી, ખોટી રીતે ચેક રીટર્ન કરાવેલ છે અને તેમાં ખોટી રકમ ભરી, રીટર્ન કરાવેલ છે અને વકીલશ્રીને ખોટી અને અધુરી માહીતી આપી, ખોટી હકીકતે વકીલશ્રી મારફતે ખોટી નોટીસ આપેલી છે, આરોપીએ ફરીયાદીને કોઈ રકમ આપવાની થતી નથી કે ફરીયાદીના નોટીસમાં જણાવ્યા અનુસાર કોઈ વ્યવહાર થયેલ નથી ફરીયાદીએ ભરેલી રકમ રૂા.૧,૫૦,૦૦૦/– નો આરોપીએ ફરીયાદીને કોઈ ચેક આપેલ નથી કે ફરીયાદીએ જાતે તેમાં ખોટી રીતે ખોટી રકમ ભરી લખી ચેક રીટર્ન

કરી ખોટી હકીકતે નોટીસ આપેલ અને ચેકનો દુરૂઉપયોગ કરી, ફરીયાદીના નામે ભરી, ખોટી હકીકતોના આધારે કાયદાનો લાભ લેવા પ્રયત્ન કરી તદ્દન ખોટી નોટીસ ફરીયાદીએ આરોપીને મોકલેલ હોય જે બદઆશયથી બદઈરાદે નોટિસ આપેલ છે અને આ કામના ફરીયાદીએ જાણી જોઈને ઈરાદાપૂર્વક ખોટી હકીકતે ફરીયાદ આપેલ છે આરોપીએ ચેક વટાવવા આપેલ નથી કે ફરિયાદીને ચેક આપેલો નથી માટે આરોપીનું કાયદેસર દેવું નથી કે ફરિયાદીનું કાયદેસરનું લેણું નથી છતા તેઓએ ફસાવવા પૈસા પડાવવા ખોટી ફરીયાદ આપેલ છે.

ઉપરોકત મુજબનો બચાવ આરોપી તરફે લેવામાં આવેલ છે અને આરોપીએ પોતે આ કામે આંક–૨૮ થી સોગંદ પરની સરતપાસ રજુ કરેલ છે જેમાં પણ સદર બચાવ તેમણે લીધેલ છે, સદર આરોપીની ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી. એ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે જેમાં આરોપીએ જણાવેલ છે કે, તેમણે તેમના સોગંદનામામાં એવુ જણાવેલ કે, સદર કામના ફરીયાદી આરોપીના મોટાભાઈના પત્ની થાય છે તે હકીકત ખોટી જણાવેલ છે, આરોપીએ ત્યારબાદ સ્વેચ્છાપૂર્વક ખુલાસો કરેલ છે કે તેમના નાના ભાઈના પત્ની આ કામના ફરીયાદી છે. વધુમાં આરોપીએ પોતાની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના નાના ભાઈ તા. ૫/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરી ગયા હતા અને તેમના નાના ભાઈ ગુજરી જતા કંપની તરફથી મૃત્યુ સહાય ગ્રેજયુટી તથા પ્રોવિડંડ ફંડના રૂા. ૩૦,૦૦,૦૦૦/– મળેલા અને આ તમામ રકમ મારા નાના ભાઈની પત્ની તથા તેમના બાળકોના ખાતામાં જમા થયેલા. આરોપીએ વધુમાં સ્વીકારેલ છે કે સામાન્ય રીતે પતિ ગુજરી જાય તો સ્ત્રી પોતાના ઘરે થી કેટલોક સમય બહાર ન નીકળી શકે અને સબંધની દ્રષ્ટિએ ફરીયાદી સ્મીતાબેનના તેઓ જેઠ થાય છે અને જીજાજી પણ થાય છે અને સબંધીની દ્રષ્ટિએ ફરીયાદીને આરોપી ઉપર તથા તેમની પત્ની ઉપર ખુબ ભરોસો હતો. વધુમાં આરોપી સ્પષ્ટપણે સ્વીકારે છે કે, ફરીયાદીના પતિના અવસાન બાદ જે રકમ મળેલી તેમાંથી બાળકોના હિસ્સાની રકમની વ્યવસ્થા કરવાની જવાબદારી તેમને આપેલી અને બાળકોના હિસ્સાની રૂા. ૯,૦૦,૦૦૦/– ની

રકમ આજે પણ પોસ્ટખાતામાં તેમના પોતાના નામે એટલે કે આરોપીના નામે જમા છે. આમ, આરોપીએ પોતાની સરતપાસમાં જે હકીકત જણાવી તેનાથી વિપરીત અને વિરોધાભાષી હકીકતો પોતાની ઉલટ તપાસમાં કબુલાતના સ્વરૂપે જણાવેલ છે. વધુમાં એ વાતનો આરોપીએ ઈન્કાર કરેલ છે કે, આ સિવાયના બીજા આઠ થી નવ લાખ રૂપિયા આરોપીએ ઉપાડીને પોતાના અંગત ખર્ચ માટે વાપરેલ છે પરંતુ સાથે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ બાબતે આરોપી અને ફરીયાદી બેન વચ્ચે તકરાર થતા જંબુસર પો.સ્ટે.માં ફરીયાદ પણ થયેલી અને તેમાં સમાધાન પણ થયેલુ અને તેવા સમાધાનના કામે તેમની અને ફરીયાદી વચ્ચે તે વાતનો લેખીત સમાધાન કરાર થયેલો, તેઓએ આંક-૧૯ નો સમાધાન કરાર જોઇને જણાવેલ કે તે તે જ કરાર છે, કરારમાં તેમના તથા ફરિયાદીના ફોટા અને સહી અંગુઠા છે, તેઓએ આંક -૧૪ વાળો ચેક જોઈને જણાવેલ કે તેમા તેમની સહી છે. વધુમાં આરોપીએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેમની અને ફરિયાદી વચ્ચે સમાધાન થતા તેમણે ફરિયાદવાળો ચેક લખી આપેલો. આરોપીએ સ્વેચ્છાએ ખુલાસો કરતા જણાવેલ કે તેમને તેમની પત્ની સાથે બેઠક થતા તેમની પત્નીએ તેમને જણાવેલ કે ચેકની રકમ ફરીયાદીને તેમણે ચુકવી આપેલી જેથી ચેકનુ શુ થયુ તેવુ તેમની પત્નીએ તેઓને પૂછેલુ અને તેમની પત્નીએ તેમને જણાવેલ કે ફરીયાદી ચેક બેંકમાં જમા કરાવશે નહી. સદર ખુલાસા અંગે આરોપીએ પોતાની પત્ની સ્નેહલ વિક્રમભાઈ બાધરનાઓને આંક-૩૨ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓની સરતપાસમાં કયાંય પણ આરોપીએ ઉપર કરેલ ખુલાસાની હકીકત જણાવેલ નથી અને તેમની પત્નીની ઉલટ તપાસમાં પણ તેઓને એ વાતની ખબર ન હોવાનુ જણાવેલ છે કે, આ ત્રીસ લાખની રકમ પૈકી બાળકોના હિસ્સાની રકમ મારા પતિએ પોસ્ટમાં તેઓના નામ પર જમા કરાવેલી. તેથી વિરૂઘ્ધ આરોપીની પત્ની એ વાતનો સ્વીકાર કરે છે કે, આ પૈસાની રકમ બાબતે કાવી પો.સ્ટે.માં મારા પતિ સામે ફરીયાદી સ્મીતાબેને ફરીયાદ દાખલ કરાવેલી. વધુમાં આરોપીની

પત્નીને પુછતા કે તે ફરીયાદમાં તેમના પતિ સાથે સમાધાન થયેલુ તેની તેમને ખબર ન હોવાનુ જણાવેલ. વધુમાં તેઓ જણાવે છે કે, તેમને ખબર નથી કે આ ત્રીસ લાખ પૈકી નવ લાખ રૂપિયા તેમના પતિના નામે પોસ્ટમાં જમા છે. આમ, ખરેખર જો ત્રીસ લાખ પૈકી નવ લાખ રૂપિયા તેમના પતિના નામે પોસ્ટમાં જમા ન હોત તો તેમના પત્નીએ તે વાત ખરી ન હોવાનુ જણાવેલ હોત નહી કે તેમને ખબર નથી તેમ જણાવેલ. વધુમાં આરોપીએ પોતાની ઉલટ તપાસમાં ફરીયાદ દાખલ કરતા પહેલા ફરીયાદીએ તેમને ચેક રીટર્નની કોઈ નોટીસ આપેલ ન હોવાનો ઈન્કાર કરેલ છે યાને કે સ્વીકાર કરેલ છે. વધુમાં આરોપીએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે આંક–૧૬ વાળી નોટીસ જોઈને તેઓએ જણાવેલ છે કે, તેમને ફરીયાદીએ તે નોટીસ મોકલેલી અને આંક–૧૮ થી રજુ એકનોલેજમેન્ટ સ્લીપ જોઈને જણાવેલ કે તેમાં જે સહી છે તે તેમના પિતાની છે. વધુમાં આરોપીએ સ્પષ્ટપણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની પાસે તેમના પોસ્ટેખાતમાં બાળકોની રૂા. નવ લાખ જેટલી રકમ જમા છે તે રકમ બાળકોની ઉંમર ૧૮ વર્ષની થયેથી તેઓ બાળકોને તે રકમ પરત આપી દેવા ખુશી છે. આરોપીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આંક–૧૬ વાળી જે નોટીસ ફરીયાદીને આપેલ તેનો કોઈ જવાબ તેમણે ફરીયાદીને આપેલ નથી. આમ, ઉપર મુજબની આરોપી તથા તેમના પત્નીનો પુરાવો ધ્યાને લેતા પોતાની સરતપાસમાં તેમજ ફરીયાદીની ઉલટ તપાસમાં જે બચાવો લીધેલા છે તે ઈન્કાર સ્વરૂપના હોવાનુ પ્રથમ દર્શને જણાય છે અને તે માનવા લાયક બચાવ હોવાનુ કહી શકાય નહી.

વધુમાં આ કામે આરોપી પક્ષે આંક–૩૬ થી નોટરી એડવોકેટ કે.ડી. પઢીયારનાઓને સોગંદ પર તપાસેલ છે અને તેમના પુરાવામાં આંક–૩૭ થી પક્ષકારો વચ્ચે થયેલા કરારોની એટેસ્ટેડ નકલ રજુ કરેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ જે ઉલટ

તપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે આંક–૩૭ નો કરાર જોઈ જણાવેલ છે કે, તે કરાર તેમની રૂબરૂ નોધાયેલ કરાર છે અને તેના પાના નં.૨ પર પેરા ૨ અને પેરા ૩ માં ચેક નંબર ૮૫૩૪૭૧ તેમજ ૮૫૩૪૭૨ દર્શાવેલ છે. વધુમા તેમણે આંક– ૧૯ નો કરાર જોઈને જણાવેલ છે કે, તે કરાર તેમણે જ નોંધણી કરેલ છે અને તે કરારનો નોંધણી નંબર ૪૦૯ છે તેના પાના નં.૨ ના પેરા ૨ અને ૩ માં ચેક નંબર ૮૫૩૪૭૪ અને ૮૫૩૪૭૫ દર્શાવેલ છે. વધુમાં તેઓએ સ્પષ્ટપણે એ વાત કબુલ કરેલ છે કે, આ બંન્ને ચેક નંબરોમાં છેલ્લા આંકડાઓમાં ભુલ થયેલ હોવાથી તે સુધારી નોટરીનો સહી તેમજ સિકકો કરેલ અને આંક–૩૭ નો જે દસ્તાવેજ રજૂ થયેલ છે તેના પાના નં.૨ પર સુધારો કરતા અગાઉની કોપી નામ.કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

આમ, ઉપર મુજબની ઉલટ તપાસનો પુરાવો ધ્યાને લેતા આરોપી ધ્વારા આંક–૩૭ થી જે કરાર રજુ કરવામાં આવેલ છે તેના પાના નં. ૨ ની કોપી સુધારો કરતા અગાઉની આરોપી ધ્વારા રજુ કરવામાં આવેલ છે. આમ, આરોપી ધ્વારા જે કરાર રજુ થયેલ છે તે કરારમાં બંને પક્ષકારોની સહમતિથી સુધારો કરી નવા ચેકો આપવા અને લેવાનો વ્યવહાર થયેલ હોવા છતાં તેવો સુધારો રેકર્ડ પર ન આવે ખોટો બચાવ લેવાના ઈરાદે આંક–૩૭ વાળો કરાર આરોપી તરફે રજુ કરવામાં આવેલ છે.

આમ, ફરીયાદીની સમગ્ર ઉલટતપાસમાં તકરારી **આંક–૧૪** વાળો ચેક કોઈપણ કાયદેસરનાં લેણા કે જવાબદારી વિનાનો હોવાનું આરોપી સાબીત કરી શકેલા નથી. વધુમાં આ કામે **આંક–૧૫** થી ચેક રીટર્ન મેમો રજુ થયેલ છે, જે ''FUND INSUFFICIENT'' નાં કારણે **આંક–૧૪** વાળો ચેક વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનું પુરવાર કરે છે. ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૪૬ મુજબ પણ ચેક રીટર્ન મેમો એ ચેક રીટર્ન થયાનો પ્રાથમિક પુરાવો ગણાય છે. જે મુજબ **આંક–૧૪** વાળો ચેક ''FUND INSUFFICIENT'' નાં

કારણોસર પરત ફરેલ હોવાની હકિકત ફરીયાદીએ સાબીત કરેલ છે. ફરીયાદીએ **આંક–૧૬** થી સ્ટેચ્યુટરી નોટીસ રજુ કરેલ છે અને **આંક–૧૭** થી રજી.એડી. કર્યાની પોસ્ટની પાવતી રજુ કરેલ છે અને **આંક–૧૮** થી એકનોલેજમેન્ટ રજુ થયેલ છે, જેમાં **આંક–૧૬** વાળી લીગલ નોટીસ આરોપીને મળેલ હોવાની હકિકત સાબીત થાય છે. આમ, ફરીયાદ હકિકત ધ્યાને લેતા પણ એ હકિકત સાબીત થાય છે કે, ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું હતું અને આ કામે ફરીયાદીની કરવામાં આવેલ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તકરારી ચેક આરોપીનો ન હોવાનું કે તે ''FUND INSUFFICIENT'' નાં કારણોસર પરત ફરેલ ન હોવાનું આરોપી પુરવાર કરી શકેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેક **આંક–૧૪** વાળો વગર સ્વીકારાયે પરત ફરતા **આંક–૧૫** થી જે ચેક રીટર્ન મેમો ફરીયાદીએ રજુ કરેલ છે તે ખોટો હોવાનું પણ બચાવપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ચેક રીટર્ન થતા **આંક–૧૬** વાળી લીગલ નોટીસ ફરીયાદીએ આરોપીને મોકલેલ જે નોટીસ આરોપીને મળેલ ન હોવાની હકિકત પણ આરોપી આ કામે સાબીત કરી શકેલા નથી તેમજ તે નોટીસનો કોઈ જવાબ આરોપીએ આપેલ હોય અને તેમાં કોઈ માનવાલાયક બચાવ રજુ કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે આરોપીએ રજુ કરેલ નથી. આ કામના આરોપી તે ફરીયાદીના જેઠ થાય છે અને તેઓએ ફરીયાદીના પતિના મૃત્યુ બાદ પ્રોવિડંડ ફંડ અને ગ્રેજયુઈટીના પૈસા તે ફરીયાદીના ૫૦% નાણા અંગેની બેંક પાસબુક તેમજ એ.ટી.એમ કાર્ડ તથા તેમના બાળકોના ૫૦ % નાણાં કે જે એશીયન પેઈન્ટ કંપની તરફ એચ.ડી.એફ.સી. બેંક ભરૂચ શાખામાં સેવીંગ ખાતામાં મુકવામાં આવેલ હતા તેની પાસબુક પણ આરોપીને સોંપેલ ત્યા રે આરોપીએ જણાવેલ કે, ''હું આ નાણાંની યોગ્ય વ્યવસ્થા કરી દઈશ'' આમ આરોપી ફરીયાદીના પતિના મોટ ભાઈ હોય તેઓ ઉપર વિશ્વાસ રાખવા છતાં આરોપીએ ફરીયાદીના એ.ટી.એમ કાર્ડનો દુરઉપયોગ કરી થોડા થોડા કરી રૂા.૮,૦૦,૦૦૦/– જેવી રકમ ઉપાડી લીધેલ છે, તેવી જ રીતે તેમના બાળકોના ખાતાના નાણાં પણ

ટુકડે ટુકડે ઉપાડી લીધેલ છે. જેથી ફરીયાદીએ આરોપી વિરૂઘ્ઘ જંબુસર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેવી ફરિયાદના કામે આરોપીએ ફરીયાદી સાથે સમાધાન કરતા તેવા સમાધાન વ્યવહાર પેટે તેની પરત ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને **આંક–૧૪** વાળો તકરારી ચેક આપેલ હોવાની અને તે ચેક **આંક–૧૫** વાળા રીટર્ન મેમાંથી ''FUNDS INSUFFICIENT'' ના કારણે પરત ફરેલ હોવાની હકિકત સાબીત કરેલ છે, જેથી ફરીયાદીએ આરોપીને **આંક–૧૬** વાળી લીગલ નોટીસ રજી.એડી.થી મોકલાવતા તે નોટીસ આરોપીને મળી ગયેલ હોવાની પોસ્ટની એકનોલેજમેન્ટ અને ટ્રેક રીપોર્ટ આ કામે રજુ થયેલ હોય તેમ છતા આરોપીએ નોટીસની સમયમર્યાદામાં ચેકની રકમ ન ચુકવી આપી ઘી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ નો ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોવાનુ પ્રથમ દર્શને જણાય છે.

આમ, ફરીયાદ પક્ષનો રજુ થયેલો પુરાવો સમગ્રપણે ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદવાળા વ્યવહારને સમર્થન કરતો હોવાનું જણાય છે,જયારે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસ ઘ્યાને લેતાં તેઓ તરફે કોઈ સંભવિત બચાવ કે જે માનવાલાયક હોય તેવો રજુ થયેલ હોય તેવુ જણાતું નથી. વધુમાં આ કામે આરોપી તરફે **આંક–૧૪** વાળા ચેક ઉપર પોતાની સહી ન હોવાની તથા સદર ચેક ફરીયાદીને ઈસ્યુ કરેલ ન હોવાની હકીકતનો કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી. આરોપી દ્વારા સદર ચેક બાબતે જે બચાવ લેવામાં આવેલ છે તે અંગે આરોપીએ જે પુરાવો રજુ કરેલ છે તે પુરાવો ઘ્યાને લેતા આરોપીનો બચાવ માનવા લાયક હોવાનુ જણાતુ નથી. વધુમાં જયારે ચેક ઉપરની સહી તથા ચેક ઈસ્યુ કરેલ હોવાની બાબતનો આરોપીએ ઈન્કાર કરેલ ન હોય અને તેનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ હોય ત્યારે કલમ–૧૩૯ મુજબનું અનુમાન

ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. સદર અનુમાન અંગે આરોપીએ ખંડનાત્મક પુરાવો રજુ કરવો જોઈએ અને તે રીતે આરોપી ઉપર ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો બોજો રહેલો હોવા છતાં આ કામે આરોપી ધ્વારા ફરીયાદીના વ્યવહાર અંગે કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં આવેલ હોય તેવુ સમગ્ર પુરાવો જોતાં જણાતું નથી. એથી વિરુધ્ધ આરોપી દ્રારા ફરીયાદીના ફરીયાદવાળા વ્યવહારને સમર્થન કરતો પુરાવો રેકર્ડ પર રજુ થયેલ હોવાનું પ્રસ્થાપિત થાય છે. આમ, સદર કાયદાની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબના અનુમાનોનું ખંડન કરવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું પ્રથમ દર્શને સાબિત થાય છે. એથી વિરુધ્ધ ફરીયાદી તરફે પોતાની ફરીયાદના સમર્થનમાં રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફરીયાદવાળો વ્યવહાર આરોપી સાથે થયેલ હોવાનું અને તે પેટે આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનું અને તે ચેક ''FUND INSUFFICIENT'' ના કારણે પરત ફરેલ હોવાનું અને તેની જાણ લીગલ નોટીસથી આરોપીને કરવા છતાં તે નોટીસ મળી જવા છતાં તેની સમયમર્યાદામાં આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરેલ છે.

આમ, ઉપર મુજબની તમામ ચર્ચા તથા હકીકતો અને સંજોગો ધ્યાને લઈ **મુદ્દા નં. ૧** નો મારો નિર્ણય **હકારમાં** આપી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

–:હુકમ:–

આ કામનાં આરોપી **વિક્રમભાઈ બાધરભાઈ પરમાર,** રહે. પાંચકડા, તા. જંબુસર, જિ. ભરૂચનાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–રપપ(ર) અન્વયે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનું કામ આરોપીને સજાનાં મુદ્દે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ : ૦૨ જી, માહે મે સને ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૨/૦૫/૨૦૨૬ સ્થળ : જંબુસર	**(અમર દિનેશચંદ્ર રાવ)** એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર. કોડ નં. જી.જે. ૦૧૪૮૦

–:સજા અંગે સાંભળ્યા:–

આ કામે આરોપીનો પોકાર કરાવતા હાજર છે તથા આરોપી તરફે વિ.વ.શ્રી ડબલ્યુ. એસ. સૈયદે હાજર થઈ પોતાની રજુઆત કરેલ છે કે, આરોપીને ઓછામા ઓછી સજા કરવા કારણ કે પક્ષકારો વચ્ચે ઘરેલુ સબંધ છે. આરોપી કુટુંબ કબીલા અને પરિવાર ધરાવે છે અને તેઓ એક માત્ર કમાનાર ઈસમ છે અને તેઓના પિતાનુ હાલમાં જ અવસાન થયેલ છે જેથી તેમના વયોવૃધ્ધ માતાની જવાબદારી આરોપીના માથે હોય જેથી પણ દયાભાવ રાખી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

આ કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી એમ.એન.મલેટેનાઓનો પોકાર કરવતા તેઓ હાજર રહેલ નથી જેથી આરોપીને સજા અંગે તેઓને સાંભળી શકાયેલ નથી.

આરોપી તરફેની રજુઆતો સાંભળી. ફરીયાદપક્ષ તરફે પોકાર કરવતા તેઓ હાજર રહેલ નથી જેથી આરોપીને સજા અંગે તેઓને સાંભળી શકાયેલ નથી. જયારે બચાવપક્ષે આરોપીને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાનમાં લેતાં, આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. વળી, આજના સમયમાં આ પ્રકારના કેસો દિનપ્રતિદિન વધી રહેલાં છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુળભુત હેતુ, સમાજમાં નાણાંકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે, તે માટે જ આ કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનો હળવો છે તેમ માની શકાય તેમ નથી. વધુમાં આરોપીના પુરાવા પરથી આરોપીએ ફરિયાદી પાસેથી મોટી રકમ વ્યવસ્થા કરવાના ભાગ રૂપે મેળવેલ હોય અને તે રકમ ઈરાદા પુર્વક પરત કરેલ ના હોય અને ફરિયાદી અને આરોપી વચ્ચે તે અંગે તકરાર ઉપસ્થીત થતા આરોપીએ ફરિયાદી સાથે સમાધાન કરી તે પેટે હાલની ફરિયાદવાળો ચેક આપેલ હોય અને ફરિયાદીના આરોપી જેઠ થતા હોય જેથી

પણ તે સબંધોની હકીકત ધ્યાને લેતા આ કામે કાયદા મુજબ ચેકની બમણી રકમનો દંડ કરવા તથા તે રકમ ફરીયાદીને વળતર તરીકે આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ તેમ જણાય છે. આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીને નહીં હળવી કે નહીં મહતમ પરંતુ તે બે વચ્ચેની સજા તથા ચેકની બમણી રકમનો દંડનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય, જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

<u>-:: આખરી હુકમ ::-</u>

(૧) આ કામનાં આરોપી **વિક્રમભાઈ બાધરભાઈ પરમાર,** રહે. પાંચકડા, તા. જંબુસર, જિ. ભરૂચનાને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ- ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ રૂા. ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) થી બમણી રકમ રૂા. ૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર દંડની રકમ ફરીયાદીને વળતર તરીકે પરત ચુકવી આપવા આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ચુકવી આપવામાં કસુર કરે તો આરોપીએ વધુ- ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ **તારીખ : ૦૨ જી, માહે મે સને ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૨/૦૫/૨૦૨૬	**(અમર દિનેશચંદ્ર રાવ)**
સ્થળ : જંબુસર	એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.
	કોડ નં. જી.જે. ૦૧૪૮૦